| PUBLICATION NAME : | Prabhat |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 07/09/2023 |
| PAGE: | 3 |

# ઈડીઆઈઆઈ ખાતે "આંત્રપિન્યોર : અ નેશન બિલ્ડર" વિષય પર યોજાયેલું વ્યાખ્યાન

જાણીતા ઉદ્યોગસાહસિક અને રસના બ્રાન્ડના સર્વેસર્વા પીરુઝ ખંભાતાએ આજે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદ દ્વારા આયોજિત વાર્ષિક ડૉ. વીજી પટેલ મેમોરિયલ લેક્ચર આપ્યું હતું. આ સિરિઝમાં પાંચમું વ્યાખ્યાન, ઈડીઆઈઆઈ કેમ્પસ ખાતે યોજાયું હતું. જેનો વિષય 'આંત્રપ્રિન્યોરઃ અ નેશન બિલ્ડર' હતો.




ઈડીઆઈઆઈના સ્થાપક પદ્મશ્રી ડૉ. વી.જી. પટેલનું અવસાન ૪ એપ્રિલ, ૨૦૧૯ના રોજ થયું હતું. ડૉ. પટેલના ઉદ્યમશીલતાના ક્ષેત્રમાં કરેલા મહાન કાર્યની સ્મૃતિમાં, સંસ્થાએ ૨૦૧૯માં વાર્ષિક વ્યાખ્યાન શ્રેણી શરૂ કરી હતી. જે આંત્રપ્રિન્યોરને એકજૂટ કરનારા 'આંત્રપ્રિન્યોરશિપના પ્રણેતા' તરીકે ઓળખાય છે. ડૉ. વી.જી. પટેલે ભારતમાં અને વૈશ્વિક સ્તરે ઉદ્યોગસાહસિકતાનો પ્રચાર કરવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

ડૉ. સુનિલ શુક્લાએ સ્વર્ગસ્થ ડૉ. વી.જી. પટેલને શ્રધ્ધાંજલિ અર્પણ કરી, ઉદ્યોગસાહસિક્તાના કોન્સેપ્ટની રજૂઆત અને પ્રોત્સાહન આપતાં રાષ્ટ્રના આર્થિક વિકાસમાં ડૉ. પટેલના અનેરા યોગદાનને યાદ કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, "આંત્રપ્રિન્યોરશિપે એક લાંબી મંજિલ કાપી છે. જેમાં તેને કારકિર્દીના વિકલ્પ તરીકે અપનાવવામાં મુંઝવણથી માંડી આજે એક મજબૂત વિકાસના સાધન તરીકે અપનાવવા સુધીની લાંબી મુસાફરી કરી છે. ઈડીઆઈઆઈ વિશાળ પ્રમાણમાં ઉદ્યોગસાહસિકતા દ્વારા વૃદ્ધિની આ પ્રક્રિયામાં અર્થપૂર્ણ યોગદાન આપી રહ્યું છે."

શ્રી પીરુઝ ખંભાતાએ કહ્યું હતું કે, "ઈડીઆઈઆઈ દ્વારા યોજાવમામાં આવેલી ડો. વીજી પટેલ મેમોરિયલ લેક્ચર સિરિઝમાં પાંચમું વ્યાખ્યાન આપવાની તક બદલ ગર્વ અનુભવુ છું. ડો. પટેલ, એક સુપ્રસિદ્ધ વ્યક્તિ અને સાચા સ્વપ્નદ્રષ્ટા હતા, જેમણે આપણા દેશનો ઉદ્યોગસાહસિક્તાનો પરિચય કરાવ્યો એટલું જ નહીં પરંતુ તેના દ્વારા આત્મનિર્ભરતાના મૂલ્યો પણ સ્થાપિત કર્યા છે. તેમણે સ્ટાર્ટ અપ ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારતના વિઝન લોકપ્રિય બન્યા તેની પહેલાં જ આ અંગે વાતો કરી હતી. હું ઈડીઆઈઆઈને તેની ભવિષ્યની તમામ પહેલ માટે મારી શુભેચ્છાઓ પાઠવું છું."

આ પ્રસંગે, ડો. વીજી પટેલ નેશનલ મેમોરિયલ એવોર્ડ ફોર એન્ટરપ્રેન્યોરશીપ ટ્રેનર/એજ્યુકેટર/મેન્ટર ૨૦૨૩ના વિજેતાની પણ જાહેરાત કરવામાં આવી હતી.